અનુસુચિત જનજાતિના શંકાસ્પદ પ્રમાણપત્રોની ખરાઇ કરવા માટે આદિજાતિ વિકાસ ખાતા હસ્તક વિભાગીય વિશ્લેષણ સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક :અજપ/૧૧૨૦૧૮/ન.બા.૨/ચ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૦૪/૦૪/૨૦૧૮

**વંચાણે લીધા :-**

૧) નામદાર સુપ્રિમકોર્ટ, નવી દિલ્હીની સ્પે.સીવીલ અપીલ નં.૫૮૫૪/૧૯૯૪નો ચુકાદો
૨) સામાજિક ન્યાય અને અધિકારીતા (આ.વિ) વિભાગના ઠરાવ ક્રમાંક-અજપ/૧૦૯૭/૧૬૪૯/ચ, તા.૨૦/૦૭/૨૦૦૦
૩) આ વિભાગના ઠરાવ ક્રમાંક-અજપ/૧૯૯૭/૧૬૪૯/ચ, તા.૨૮/૦૫/૨૦૧૦
૪) કમિશનરશ્રી,( આ.વિ.)ની કચેરીનો પત્ર નં.આવિ/ તા.સં./ ૧/ફા.નં.૩૯૬૭/ ૨૦૧૮/ ૩૩૩થી ૩૩૪ , તા. ૦૨/૦૨/૨૦૧૮

**આમુખ:**

વંચાણે લીધા ક્રમાંક-(૨) હેઠળના ઠરાવથી રાજયમાં અનુસૂચિત જનજાતિના જાતિ પ્રમાણપત્ર ધારકોના કિસ્સામાં શંકાસ્પદ પ્રમાણપત્રોની ખરાઈ અને માન્યતા નક્કી કરવા માટે રાજયકક્ષાની વિશ્લેષણ સમિતિ નિમવામાં આવેલ છે.જેની પુન:રચના વંચાણે લીધા ક્રમાંક-(૩) હેઠળના ઠરાવથી કરવામાં આવેલ.

તાજેતરમાં વિવિધ સરકારી કચેરીઓમાં ભરતી બોર્ડ/જીપીએસસી/ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા છેલ્લા વર્ષોમાં ઘણી નિમણૂકો આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક ૪ થી કમિશનરશ્રી(આ.વિ.)એ અનુસૂચિત જનજાતિની અનામત બેઠકો પર નિમણૂક પામેલા ઉમેદવારોના જાતિ પ્રમાણપત્રો શંકાસ્પદ હોવા અંગે તેમજ પ્રમાણપત્રોની ચકાસણી કરવા માટે તથા શંકાસ્પદ પ્રમાણપત્રોના અગાઉના વર્ષોના કેસો પણ મોટી સંખ્યામાં કાર્યવાહી હેઠળ હોવાથી આદિજાતિ વિકાસ ખાતા હસ્તક વિભાગીય વિશ્લેષણ સમિતિની રચના અંગેની દરખાસ્ત કરેલ છે નામ.હાઇકોર્ટ દ્વારા પણ જાતિ પ્રમાણપત્રોની અંગેના કેટલાક કેસોમાં આપેલ ચુકાદાઓમાં નામ.સુપ્રીમ કોર્ટના ચુકાદા અનુસાર આવી કામગીરી નિયત સમયમર્યાદામાં કરવાની થતી હોઇ સમિતિના કાર્યભારણમાં ઘણોજ વધારો થયેલ હોઇ વિભાગીય વિશ્લેષણ સમિતિની રચના કરવાની બાબત સરકારશ્રીમાં વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાના અંતે શંકાસ્પદ જાતિ પ્રમાણપત્રોની ચકાસણી માટે વડોદરા ખાતે વિભાગીય વિશ્લેષણ સમિતિની રચના કરવાની રૂ. ૩૩.૦૦ લાખની ( અંકે રૂપિયા તેત્રીસ લાખ પુરા) ની નવી બાબતને આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.જેમાં નીચેની વિગતોએ તેમજ શરતોને આધીન મહેકમ આથી મંજુર કરવામાં આવે છે.

| ક્રમ | હોદ્દો | વર્ગ | સંખ્યા | પગારધોરણ |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧. | સંયુક્ત કમિશનર (સમિતિના અધ્યક્ષ) | વર્ગ-૧ (GAS) (સીલેક્શન ગ્રેડ) | ૧ | ૭૮૮૦૦-૨૦૯૨૦૦(ROP-2016) |
| ૨. | નાયબ કમિશનર (સમિતિના સભ્ય ) | વર્ગ-૧ | ૧ | ૬૭૭૦૦-૨૦૮૭૦૦ (ROP-2016) |
| ૩. | સંશોધન અધિકારી (સમિતિના સભ્ય સચિવ) | વર્ગ-૨ | ૧ | ૪૪૯૦૦-૧,૪૨,૪૦૦ (ROP-2016) |

શરતો:-

(૧) વિશ્લેષણ સમિતિએ નામ.સુપ્રીમકોર્ટએ કુ.માધુરી પાટીલ વિ. એડીશનલ કમિશનર, મહારાષ્ટ્રના કેસમાં દર્શાવેલ ગાઈડલાઈન અનુસાર નિયત સમયમર્યાદામાં કામગીરી બજાવવાની રહેશે.

(૨) કચેરી સ્ટાફ અંગે અલગ મહેકમ મંજૂર ન કરતાં મદદનીશ કમિશનરશ્રી, વડોદરાની કચેરીના મહેકમ પાસે આંતરિક ફાળવણીથી કામગીરી લેવાની રહેશે તેમજ વર્ગ-૪ની કામગીરી આઉટસોર્સથી લેવાની રહેશે.

(૩) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૪) પ્રસ્તુત બાબતે પ્રવર્તમાન નિયમોને આધીન આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૫) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૭) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૮) વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૪/૦૬/૨૦૦૯ના ઠરાવથી અમલી બનેલ ફિક્સ પગારની નીતિ અને તેમાં વખતો-વખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૯) જે તે જગ્યાઓના પગાર- ધોરણો ROP-2006/ROP-2016/Pay-Matrix-Level પ્રમાણે છે કે કેમ તે અંગેની ખાતરી કરી લેવાની જવાબદારી વિભાગની રહેશે.

(૧૦) સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા. ૧૮/૦૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક: નપન/૨૦૦૩/જીઓઆઇ/૧૦(પા.ફા.)ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના તેમજ તે અંગેન વખતો –વખત થયેલ સુધારા લાગુ પાડવાના રહેશે.

(૧૧) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગ તે વિભાગે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૨) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન પરીક્ષા નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૩) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ / લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૧૪) રાજય સરકાર દ્વારા વખતો-વખત નિયત કાર્યભારણનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૫) નવી મંજૂર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો -વખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્તની મુદ્દત પૂરી થતાં પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યાઓ વધુ સમય માટે ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

"આ અંગેનો ખર્ચ **માંગણી ક્રમાંકઃ ૯૩** આયોજન, મુખ્ય સદરઃ ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર -૦૨ અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, ગૌણ સદરઃ ૦૦૧ નિર્દેશ અને વહીવટ , પેટા સદર- (૦૧) વીકેવાય-૫૩ વહીવટી તંત્રને તમામ કક્ષાએ સંગીન બનાવવું બાબત હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે."

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૨/૦૪/૨૦૧૮ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિદ્યુત પંડ્યા)
સરકારના સંયુક્ત સચિવ

**પ્રતિ,**

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રી ના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, (રા.ક.) આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ.
- નાણા સલાહકારશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, વડોદરા
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર